હરી ૐ

૨૮-૫-૧૧

સ્નેહી શ્રી ભુપેન્દ્રભાઈ,
આપને યાદ હશે કે મેં જાન્યુઆરીમાં મુરબ્બી જે.એમ.રાવ સાહેબને પત્ર લખેલ, તેના પ્રત્યુત્તર આજ રોજ આવ્યો છે, તે એમના જ શબ્દોમાં આપની જાણ માટે નીચે મુજબ ટુંકમાં જણાવું છું,

" જત લખવાનું કે ગત જાન્યુઆરી માસમાં તમોએ લખેલ લાગણી સભર અને મારા પ્રત્યે આદરભાવ દર્શાવતો સ્નેહાળ પત્રનો જવાબ અવસ્થાને લીધે સમયસર આપી શક્યો નથી તે માટે દિલગીર છું,
સ્વપ્નેય પણ વિચાર ન આવે તેવી તૈયારી બતાવી ડો. ભૂપેન્દ્રભાઈ કાપડિઆએ ખંભાત ઈ-મેઈલથી મિલિન્દભાઈ શાસ્ત્રીને પત્ર લખી વહેલી તકે અવસ્થા વશ મારી તંદુરસ્તીની દેખભાળ કરવા જણાવ્યું, ડોક્ટરની મારા પ્રત્યે જે આદર અને પ્રેમ દર્શાવ્યો તે એમના જન્મજાત સંસ્કારને આભારી છે.
મિલિન્દભાઈએ તુરત મારા સ્વાસ્થ્યની સંપૂર્ણ તપાસ કરાવી, લેબોરેટરી ટેસ્ટ, એક્સ રે, સોનોગ્રાફી વગેરે બધુ જ નોર્મલ છે. જરૂરી શક્તિની દવાઓ પણ કાર્ડિઆક માંથી અપાવી. ઘરમાં હરીફરી શકું છું, બે ટાઈમ ભોજન પણ લઈ શકું છું, તે ભગવાન ની દયા અને તમારા બધાની લાગણીને આભારી છે.
ત્યાંથી બધાએ ગુરૂદક્ષિણા સમજી મારી સંભાળ રાખી તે બદલ હું સહુને આશીર્વાદ સિવાય બીજું તો શું આપી શકું ? એક શિક્ષકને તેના વિદ્યાર્થીઓ આગળ વધે, પ્રતિષ્ઠા માન મરતબો મેળવે એટલું જ નહિં પણ વતન પ્રત્યે તેમનું રૂણ અદા કરવાની ખેવના રાખી લોક સેવાનાં આવાં સદ્કાર્યો કરે તે જ મારા માટે સંતોષ અને આનંદનો વિષય છે. તમો બધા વધુને વધુ પ્રગતિ કરો અને વધુને વધુ સેવા કાર્યો કરો તેવી પ્રભુને પ્રાર્થના અને યાચના.
ડો. ભૂપેન્દ્રભાઈ, ડો.ઠાકોરભાઈ રાણા, મોહનભાઈ પટલ, કલ્પેન્દુભાઈ બધા ત્યાં આવાં સેવાના કાર્યમાં જોડાયેલા તમામને મારી શુભેચ્છા.
અવસ્થાને લીધે ઓછું દેખાય, ઓછું સંભળાય, લખી શકાય નહીં.
લી. જયદેવભાઈ એમ. રાવ, દા. નારણભાઈ રાવ ( ભાણાભાઈ ) "
સ્નેહી ભૂપેન્દ્રભાઈ આપની સદ્ભાવના બદલ હાર્દિક ધન્યવાદ્ ! આપની વરસોની તપશ્ચર્યા ફળી સમજો. ભગવાન તમને વધુને વધુ સેવાનાં સદ્કાર્યો કરી, વતનના દીનદુઃખીના અંતરની આશીષ મેળવવાની શક્તિ આપો એ જ અભ્યર્થના.
લી. સ્નેહાધીન મહેન્દ્ર બ્રહ્મભટ્ટની અંતરની સદ્ભાવના.